# સંચાલન વ્યવસ્થાપક (ઓપરેશન્સ મેનેજર)

સંચાલન વ્યવસ્થાપક સંસ્થામાં ઉચ્ચતમ સ્તરની કાર્યક્ષમતા જળવાય રહે તે માટે જવાબદાર છે. સંચાલન વિભાગ ગુણવત્તા નિયંત્રણ જાળવીને કાચો માલ કેવી રીતે મેળવવો, કઇ કિંમતે કેટલું ઉત્પાદન કરવું વગેરે જેવા વ્યૂહાત્મક મુદ્દાઓ સંભાળે છે. આ ક્ષેત્રમાં કેટલાક એવા ક્ષેત્રો છે કે જેમાં કામ કરી શકાય છેઃ ૧. સંચાલન અને પુરવઠા શ્રૃંખલાનું વ્યવસ્થાપન (ઓ.એસ.સી.એમ.) જેમાં પુરવઠા શ્રૃંખલા થકી ઇન્વેન્ટરીનું સંચાલન સામેલ છે ૨. સંચાલન વ્યવસ્થાપક કે જેઓ વર્તમાન માળખાનું પુનઃમૂલ્યાંકન કરતી વખતે નવી પ્રક્રિયાઓનું સંકલન અને વિકાસ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે આયોજન અને સંકલન કરવાનું કૌશલ્ય ધરાવો છો
- તમે વિગતો પર ધ્યાન આપવાનું પસંદ કરો છો
- તમને વસ્તુઓનું વિશ્લેષણ કરવાનું પસંદ છે
- તમને સમસ્યાઓ ઉકેલવામાં આનંદ આવે છે



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૨૦,૦૦૦ થી ૨,૦૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ઓપરેશન્સમાં સ્પેશ્યલાઈઝેશન સાથે સ્નાતકની ડિગ્રી મેળવો અથવા વ્યાવસાયિક રીતે પ્રગતિ કરવા માટે તેમજ સ્પેશ્યલાઈઝેશન માટે સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, સંચાલનમાં અનુસ્નાતક / MBA કરો.

**અથવા**

ઓપરેશન્સમાં સ્પેશ્યલાઈઝેશન સાથે સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો અને પછી પ્રમાણપત્ર / ડિપ્લોમા કરો જે કામની સાથે ઑનલાઇન પણ કરી શકાય છે.

સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે, તમારે નીચે પૈકીની એક પ્રવેશ પરીક્ષામાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છેઃ સી.ઈ.ટી., એસ.ઈ.ટી., ડિ.યુ. જે.એ.ટી., એસ.ઈ.ટી. વગેરે.

સ્નાતકોત્તર અભ્યાસક્રમમાં પ્રવેશ માટે, તમારે નીચેની કોઈપણ પરીક્ષામાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છેઃ કેટ / એક્સ.એ.ટી. / જીમેટ / એસ.એન.એ.પી. / એન.એમ.એ.ટી. / સી.એમ.એ.ટી. વગેરે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહીં આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સંચાલન વ્યવસ્થાપકનું અંદાજીત માસિક વેતન રૂ. ૨૫,૫૦૦ થી ૨,૫૦,૦૦૦* જેટલું હોય છે.

સ્રોતઃhttps://www.payscale.com/research/IN/Job=General_/_Operations_Manager/Salary

NCS Code: NA, CCode: MG004

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** નાણાકીય સંસ્થાઓ, આતિથ્ય-સત્કાર સેવાઓ, આઈ.ટી. કંપનીઓ, સમાચાર અને પ્રચાર-પ્રસાર માધ્યમો, બહુ રાષ્ટ્રીય કંપનીઓ, ઉદ્યોગ ગૃહો, ઈ-કોમર્સ કંપનીઓ, હોસ્પિટલો તેમજ રીટેલ સ્ટોર વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે સતત ગતિશીલ વાતાવરણમાં કામ કરશો. તુરંત નિર્ણયો લેવા અને બદલાતા સંજોગોને અનુરૂપ થવું મહત્વપૂર્ણ છે. તમે સહાયક કર્મચારીઓ સાથે ઓફિસમાં કામ કરશો. લાંબા સમય સુધી અને સપ્તાહના અંતમાં પણ કામ કરવું સામાન્ય છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ઓપરેશન્સ કોઓર્ડિનેટર → ઓપરેશન્સ સુપરવાઈઝર → ઓપરેશન્સ મેનેજર → ઓપરેશન્સ કંટ્રોલર → ઓપરેશન્સ ડિરેક્ટર

## સર્ચ માટેના કીવર્ડ્સ ...

લીડ્સ- સેલ્સ એન્ડ ઓપરેશન, ઓપરેશન્સ મેનેજર, ઓપરેશન્સ એક્ઝિક્યુટિવ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વ્યવસ્થાપન અથવા વાણિજ્ય વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એમએસયુ, વડોદરા
૨. લાલાલાજપતરાય કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સ
૩. શહીદસુખદેવ કોલેજ ઓફ બિઝનેસ સ્ટડીઝ, દિલ્હી
૪. જામિયા મિલિયા ઇસ્લામિયા, દિલ્હી
૫. સિડનહેમ કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સ, મુંબઈ
૬. એસજીજીયુ, ગોધરા
૭. બીકેએનએમયુ, ખેડા
૮. આઈ.આઈ.એમ., ભારતના વિવિધ શહેરોમાં

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. પીડીઈયુ, ગાંધીનગર
૨. એમિટી ઇન્ટરનેશનલ બિઝનેસ સ્કૂલ, નોઇડા
૩. નરસી મોંજી, મુંબઈ
૪. જીયુએનઆઈ, મહેસાણા
૫. ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, નોઇડા
૬. ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ, રાજસ્થાન
૭. પારૂલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, વડોદરા
૮. એક્સ.એલ.આર.આઈ., જમશેદપુર

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.nptel.ac.in
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઇન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**પ્રિયા બાલાસુબ્રમણ્યમ** એક અનુભવી ટેક્નોલોજી એક્ઝિક્યુટિવ છે અને લગભગ ૨૦ વર્ષથી એપલમાં સિનિયર પ્રોક્યોરમેન્ટ અને ઑપરેશનની ભૂમિકા નિભાવે છે. હાલમાં, તે કંપની માટે તમામ કોર ટેક્નોલોજી ઓપરેશન્સ અને આઈફોન ઓપરેશન્સની દેખરેખ રાખે છે. તે આઈફોન મેન્યુફેક્ચરિંગ સપ્લાય ચેઇન, ગુણવત્તા અને રિપેર કામગીરી અને મુખ્ય ઘટકો માટે જવાબદાર છે. તેણીએ અગાઉ વૈશ્વિક ઔદ્યોગિક રોબોટિક્સ સપ્લાયર એ.બી.બી. સાથે એન્જિનિયર તરીકે ફરજ બજાવી હતી. તેણીએ બેંગલોર યુનિવર્સિટીમાંથી મિકેનિકલ એન્જિનિયરીંગમાં સ્નાતક અને મિશિગન સ્ટેટ યુનિવર્સિટીમાંથી સપ્લાય ચેઇન મેનેજમેન્ટમાં એમ.બી.એ.ની પદવી હાંસલ કરેલ છે.*

સ્રોત: https://www.sarcos.com/sarcos-bio/priya-balasubramaniam

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.